**રે.દી.મુ.નંબર–૬૫/૨૦૨૫**

**પ્રતિવાદી નંબર–૧ ની આંક–૧૫ તથા પ્રતિવાદી નં–૨ ની આંક–૧૬ ની ઓર્ડર–૦૭, રૂલ ૧૧ ની અરજી તળે હુકમ**

(૧) પ્રતિવાદી નંબર–૧ તરફે અરજી આપી જણાવેલ છે કે, સદર દાવાના કામે વાદી એ દાવાવાળી મીલકત મા ચાલી આવેલ અમો પ્રતિવાદી નં–૧ નો વણવહેચાયેલ હકક હીસ્સો પ્રતિવાદી નંબર–૨ ની તરફેણમા વેચાણ દસ્તાવેજ નંબર–૧૪/૨૦૨૩ તા ૧૦/૦૧/૨૦૨૩ ના રોજ કરી આપેલ તે આધારે દાવો કરેલ છે. સદર દસ્તાવેજ માટે વાદી ના દાવા અરજી ના દાદ ના પેરા નંબર–૧૩ મા જરૂરી દાદો માંગેલ છે તેવી દાદો આ કામના વાદીઓને આપી શકાય તેમ નથી. સદર કામમા વાદીઓ અને પ્રતિવાદીઓ દાવાવાળી જમીન મોજે.ગામ કોઢ તા–વાલીયા,જી–ભરૂચ જુનો બં.નં–૫૪, નવો નંબર–૧૦૩૦ વાળી ખેતીની જમીન સંયુકત માલીક ચાલી આવેલ છે. અમો પ્રતિવાદી નંબર–૧ નાએ અમારા વણવહેચાયેલ હકક હીસ્સા પુરતી જ જમીન અમો પ્રતિવાદી નંબર–૨ ને વેચાણ કરેલ છે જે વાદીઓ દાવા અરજી અને મનાઈ અરજીના પક્ષનિવેદનમા કબુલ રાખે છે અમો પ્રતિવાદી નં–૧ નાએ પોતાના જ હકક હીસ્સામા આવતી સદર બ્લોકની વણવહેચાયેલ હીસ્સાનો વેચાણ દસ્તાવેજ કરેલો છે જે વાદીએ રજુ કરેલ વેચાણ દસ્તાવેજની નકલ તેમજ વાદીના પોતાના પ્લીડીગસ ઉપરથી જણાય આવે છે તેમજ વાદીઓની દાવા અરજી અને મનાઈ અરજી મા ટુકડા ધારાનો બાધ નડે છે તેવુ એક જ રટન કરેલ છે તે તદન ખોટુ મન ઘડત હકીકત ઉભી કરી સદર ખોટો દાવો નામદાર કોર્ટે મા કરેલ છે. સદર કામે વેચાણ દસ્તાવેજ ની નકલ જોવામા આવે તો દાવાવાળી મીલકતોનો જે વણવચાયેલો હીસ્સો વેચાણ કરેલ છે તે દાવાવાળી મીલકત નો કોઈ ચોકકસ હકક,દીશા વાળો ભાગ અમો પ્રતિવાદી નં–૧ નાએ વેચાણ કરેલ નથી તેમજ આ હકીકત વાદીઓના દાવા ના પ્લીડીગ ઉપરથી સાબીત થાય છે. સદર દાવાવાળી મીલકત ને ટુકડા ધારાનો બાધ ત્યારે જ નડે છે જયારે કોઈ ઈસમ પોતાના હકક હીસ્સાનો ચોકકસ હકક દીશાવાળો ભાગ વેચાણ કરે અને તે ટુકડા ધારા મુજબ ટુકડો પડતો હોય આમ જયારે સદર દાવામા અમો પ્રતિવાદી નં–૧ નાએ પતિવાદી નંબર–૨ ને વેચાણ દસ્તાવેજ જોતા જેની ચતુંથ દીશા સદર દાવાવાળી મીલકતની પુરેપુરી જણાવેલ છે જેમા સદર

દાવાવાળી મીલકતોનો કોઈ ચોકકસ ભાગ અમો પ્રતિવાદી નં−૧ નાએ પ્રતિવાદી નં−૨ ને વેચાણ કરેલ નથી જો આવો ચોકકસ દીશાવાળો ભાગ વેચાણ કરેલ હોત તોજ ટુકડાધારાનો બાધ નડે. આમ સદર કામે વાદી નામદાર કોર્ટ સમક્ષ તદન ખોટો દાવો દાખલ કરેલ છે. સદર કામે વાદીઓએ અમો પ્રતિવાદી નં−૧ નાએ વેચાણ કરેલ વણવહેચાયેલ હીસ્સાની જમીન બાબતે વેચાણ નોધ નંબર−૬૨૧૬ દાખલ થયેલ જેમા વાદી નંબર−૧,૨,૪,૫ નાએ વાંધા અરજી રજુ કરતા સદર નોધ તકરારી કેસ નંબર−૫૪/૨૦૨૩ થી રજીસ્ટર્ડ થતા અમો પ્રતિવાદી નં−૧ નાએ વેચાણ કરેલ જમીનની વેચાણ નોધ ટુકડા ધારા નો બાધ નડે છે તેવા ખોટા કારણ આગળ ધરી નામંજુર કરવામા આવેલ હતી જેમા નાયબ કલેકટર શ્રી ઝઘડીયા પ્રાત સાહેબશ્રી દવારા પરીપત્રનો ખોટો હુકમ કરેલ છે. સદર પરીપત્રમા કોઈ જગ્યાએ વેચાણ દસ્તાવેજ ન થઈ શકે તેવુ કોઈ પ્રતિબંધ જણાવેલ નથી આમ ખોટુ અર્થઘટન કરી આવા ખોટા હુકમને હાથો બનાવી હાલના વાદીઓ ખોટો દાવો નામદાર કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે જેથી હાલનો દાવો કોઝ ઓફ એકશન વીનાનો હાય વાદીઓને આવો દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી જેથી વાદીનો દાવો સી.પી.સી ઓ.૭ રૂલ ૧૧ મુજબ રદ કરવા અરજ કરેલ છે.

સદર કામે વાદીઓ ની દાવા અરજી અને મનાઈ અરજી જોવામ આવે તો વાદીઓના હીસ્સાનુ વેચાણ કરી દીધેલ છે તેવી કોઈ હકીકત વાદીઓએ જણાવેલ નથી. આમ અમો પ્રતિવાદી નંબર−૧ નાએ અમારા જ હીસ્સાનો વણ વહેચાયેલ જમીન અમો પ્રતિવાદી નં−૨ ને વેચાણ કરેલ છે. અમો પ્રતિવાદી નં−૧ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીજ એકટના કાયદા મુજબ પોતાનો વણવહેચાયેલ હકક હીસ્સાની જમીન વેચાણ કરવા હકકદાર હોય આમ વાદીઓ તે સામે ખોટી તકરાર લઈને વાંધા અરજી આપેલ હતી અને આપ નામદર કોર્ટ સમક્ષ પણ ખોટો દાવો હાલમા દાખલ કરેલ છે જે સી.પી.સી. ઓ.૭ રૂ ૧૧ મુજબ રદ થવા પાત્ર છે.જેથી રદ કરવા મહેરબાની કરશોજી. જયારે કાયદો જ અમો પ્રતિવાદી નં−૧ ને અમારી સંયુકત માલીકીની વણવહેચાયેલી હીસ્સાની જમીન વેચાણ કરવા ઉપર પ્રતિબંભ મુકતી નથી તો આ કામના વાદીઓ અમો પ્રતિવાદી નં−૧ નાએ અમારા વણવહેચાયેલ

હીસ્સા પુરતી જમીન વેચાણ કરીએ તા વાંધો લેવાનો કોઈ અધિકાર પહોચતો નથી. આમ વાદીઓને સદર દાવો કરવાનુ કોઈ કારણ ઉપસ્થિત થતુ ન હોય વાદીઓ નામદાર કોર્ટ નો સમય બગાડવા તેમજ અમો પ્રતિવાદી નં-૧ મરણ અવસ્થાએ હોય ફકત અમારો હકક મારવાની રાહ જોઈ અમારો હકક હીસ્સો હડપ કરવા તેમજ હેરાન પરેશાન કરવા હાલનો ખોટો દાવો કરેલ હોય વાદીનો દાદો રદ કરવા અરજ કરેલ છે.

(૧.૧) પ્રતિવાદી દવારા આંક-૧૬ થી અરજી આપી જણાવેલ છે કે, સદર કામમા વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે, સદર કામના પ્રતિવાદી નં-૧ નાએ અમો પ્રતિવાદી નં-૨ ની તરફેણમા વેચાણ દસ્તાવેજ નંબર-૧૪/૨૦૨૩ તા ૧૦/૦૧/૨૦૨૩ ના રોજ કરી આપેલ તે અધારે દાવો કરેલ છે, સદર દસ્તાવેજ મારટે વાદીના દાદા અરજીના દાદ ના પેરા નંબર-૧૩ મા જરૂરી દાદો માંગેલ છે તેવી દાદો આ કામના વાદીઓને આપી શકાય તેમ નથી. સદર કામના વાદીઓ અને પ્રતિવાદીઓ દાવાવાળી જમીન મોજે ગામ કોઢ તા-વાલીયા,જી-ભરૂચ ના જુનો બં.ન.૫૪ નવો નંબર-૧૦૩૦ વાળી ખેતીની જમીન સંયુકત માલીક ચાલી આવેલ છે. સદર કામના પ્રતિવાદી નં-૧ નાએ તેઓનો વણવહેચાયેલ હકક હીસ્સા પુરતી જ જમીન અમો પ્રતિવાદી નં-૨ ને વેચાણ આપેલ છે જે તેઓ પોતાના દાવા અરજી અને મનાઈ અરજીના પક્ષનિવેદનમા કબુલ કરેલ છે.આ કામના પ્રતિવાદી નં-૧ નાએ પોતાના જ હકક હીસ્સામા આવતી સદર બ્લોક પૈકીની વણવહેચાયેલ હીસ્સાનો વેચાણ દસ્તાવેજ કરેલ છે જે વાદીએ રજુ કરેલ વેચાણ દસ્તાવેજની નકલ તેમજ વાદીના પોતાના પ્લીડીગ્સ ઉપરથી જણાય આજે છે તેમજ વાદીઓની દાવા અરજી અને મનાઈ અરજી જોવામા આવે તો તેઓ એવુ નથી કહેતા કે તેઓના હકક, હીસ્સાની વણવહેચાયેલ જમીન પ્રતિવાદી નંબર-૧ નાએ વેચાણ કરેલ છે. આમ પ્રતિવાદી નં-૧ નાએ અમો પ્રતિવાદી નં-૨ ને પોતાના જ હકક હીસ્સાનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેમજ સદર કામના વાદીઓ દાવા અરજી અને મનાઈ અરજી મા જે ટુકડા ધારાનો બાધ નડે છે તેવુ એક જ રટન કરે છે તે તદન ખોટુ મન ઘડત હકીકત ઉભી કરી સદર ખોટો દાવો નામદાર કોર્ટ મા કરેલ છે. સદર કામે વેચાણ દસ્તાવેજની નકલ

જોવામા આવે તો દાવાવાળી જમીનમાનો કોઈ ચોકકસ હદદ, દીશા વાળો ભાગ અમો પ્રતિવાદી નં–ર નાએ ખરીદ કરેલ નથી તેમજ અમો પ્રતિવાદી નં–ર નાએ આ વાદીઓની સદર દાવાવાળી મીલકતના કબજા ભોગવટામા કોઈ અડચણ ઉભી કરી ખલેલ કરેલ નથી તેમજ આ હકીકત વાદીઓના દાવાના પ્લીડીગ્સ ઉપરથી સાબીત થાય છે. સદર દાવાવાળી મીલકતને ટુકડા ધારનો બાધ ત્યારેજ નડે છે જયારે કોઈ ઈસમ પોતાના હકક હીસ્સાનો ચોકકસ હદ દીશાવાળો ભાગ વેચાણ કરે અને તે ટુકડાધારા મુજબ ટુકડો પડતો હોય આમ જયારે સદર દાવામા પ્રતિવાદી નં–૧ નાએ અમો પ્રતિવાદી નં–ર ને વેચાણ દસ્તાવેજ જોતા જેની ચતુંથ દીશા સદર દાવા વાળી મીલકત ની પુરેપુરી જણાવેલ છે જેમા સદર દાવાવાળી મીલકતનો કોઈ ચોકકસ ભાગ પ્રતિવાદી નં–૧ નાએ પ્રતિવાદી નં–ર ને વેચાણ કરેલ નથી જો આવો ચોકકસ દીશાવાળો ભાગ વેચાણ કરેલ હોય તો જ ટુકડાધારા નો બાધ નડે છે. આમ સદર કામે વાદી નામદાર કોર્ટે સમક્ષ તદન ખોટો દાવો દાખલ કરેલ છે. સદર કામે વાદીઓએ અમો પ્રતિવાદી નં–ર નાએ ખરીદ કરેલ વણવહેચાયેલ હીસ્સાની જમીન બાબતે વેચાણ નોધ નંબર–૬ર૧૬ દાખલ થયેલ જેમા વાદી નંબર–૧,ર,૪,પ નાએ વાંધા અરજી રજુ કરતા સદર નોધ તકરારી કેસ નંબર–પ૪/ર૦ર૩ થી રજીસ્ટર્ડ થતા અમો પ્રતિવાદી નંબર–ર ની વેચાણ નોધ ટુકડા ધારાનો બાધ નડે છે તેવા ખોટા કારણ આગળ ધરી નામંજુર કરવામા આવેલ હતી. જેમા નાયબ કલેકટર શ્રી ઝઘડીયા પ્રાત સાહેબ શ્રી દવારા પરીપત્રનો ખોટુ અર્થઘટન કરી અમો પ્રતિવાદી નં–ર ની વેચાણ નોધ નંબર–૬ર૧૬ નામંજુર કરતો ખોટો હુકમ કરેલ છે. સદર પરીપત્રમા કોઈ જગ્યાએ વેચાણ દસ્તાવેજ ન થઈ શકે તેવુ કોઈ પ્રતિબંધ જણાવેલ નથી. આમ ખોટુ અર્થઘટન કરી આવા ખોટા હુકમને હાથો બનાવી હાલના વાદીઓ ખોટો દાવો લાવેલ હોય વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(ર) વાદી દવારા આંક–૧૭ થી પ્રતિવાદીની આંક–૧પ અને ૧૬ ની અરજીનો જવાબ આપી જણાવેલ છે કે, દાવાવાળી જમીન અમો વાદીઓ અને પ્રતિવાદી નં–૧ નાની વડીલોપાર્જીત સંયુકત માલીકી કબજા ભોગવટાની વણ–વહેચાયેલી આવેલી છે. સદર જમીન અમો વાદી નંબર–૧,ર ના

દાદા અને વાદી નંબર–૩ ના દાદા સસરા, વાદી નંબર–૪ ,૫ ના પર દાદા તેમજ વાદી નંબર–૬ થી ૮ ના પરદાદા તેમજ પ્રતિવાદી નંબર–૧ ના પિતા સ્વ દેવજીભાઈ કલયાણભાઈ નાઓની ચાલી આવેલ હતી. જેઓ તા ૦૬/૦૨/૧૯૮૩ ના રોજ અવસાન પામતા તેઓના સીધી લીટીના વારસદારો તરીકે તેમની પત્ની (૧) ભાણીબેન દેવજી કલાણની વિધવા,(૨) કમળાબેન દેવજીભાઈ,(૩) કાશીબેન દેવજીભાઈ,(૪) રામજીભાઈ દેવજીભાઈ,(૫) ધીરજભાઈ દેવજીભાઈ નાઓના નામો વારસાઈ હકકે ગામ દફતરે ફેરફાર નોધ નંબર–૨૬૬૮ થી દાખલ થયેલ. ત્યારબાદ સદર સંયુકત માલીક કબજેદારો પૈકી ભાણીબેન દેવજી કલાણની વિધવા તા ૦૪/૧૦/૧૯૯૧ ના રોજ અવસાન પામતા તેણીનુ નામ ગામ દફતરે ફેરફાર નોધ નંબર–૩૨૪૧ થી મરણ થવાથી કમી થયેલ. ત્યારબાદ અમો વાદી નંબર–૧,૨ ના પિતા રામજીભાઈ દેવજીભાઈ તા ૦૬/૦૪/૨૦૧૨ ના રોજ ગુજરી જતા તેઓના સીધી લીટીના વારસદારો તરીકે અમો વાદી નંબર–૧,૨ નાઓ અને અમારી માતા ડાહીબેન તે રમાજીભાઈ ની વિધવા ના નામો વારસાઈ હકકે ફેરફાર નોધ નંબર–૪૫૩૦ તા ૦૭/૦૫/૨૦૧૨ થી દાખલ થયેલ. ત્યારબાદ અમો વાદી નં–૩ ના પતિ  તેમજ વાદી નંબર–૪,૫ ના પિતા ધીરજભાઈ દેવજીભાઈ તા ૨૫/૦૮/૨૦૨૦ ના રોજ અવસાન પામતા તેઓના સીધી લીટીના વારસદારો તરીકે અમો વાદી નંબર–૩ થી ૫ નાઓના નામો વારસાઈ હકકે ફેરફાર નોધ નંબર–૫૮૮૦ તા ૦૪/૦૫/૨૦૨૨ થી દાખલ થયેલ. ત્યારબાદ અમો વાદી નબર–૬ થી ૮ ની માતા કમળાબેન દેવજીભાઈ તા ૦૧/૦૯/૨૦૨૦ ના રોજ અવસાન પામતા તેઓના સીધી લીટીના વારસદારો તરીકે અમો વાદી નંબર–૬ થી ૮ નાઓના નામ વારસાઈ હકકે ફેરફાર નોધ નંબર–૬૨૫૮ તા ૧૦/૦૯/૨૦૨૩ થી દાખલ થયેલ. આમ સદરહુ જમીન અમો વાદીઓ અને પ્રતિવાદી નં–૧ નાઓની વડીલોપાર્જીત વણ વહેચાયેલી ચાલી આવેલ છે.સદર જમીન બાબતે અમો વાદીઓ તેમજ પ્રતિવાદી નં–૧ વચ્ચે કોઈ પણ પ્રકારની મૌખિક કે લેખિક વહેચણી થયેલ નથી અને કોનો કેટલો હીસ્સો અને કઈ દીશા તરફનો હીસ્સો તે પણ નકકી થયેલ નથી. જેથી સદર જમીન વણ–વહેચાયેલ સંયુકત માલીકી કબજા ભોગવટામા આવેલ છે. આમ સદર જમીન વડીલોપાર્જીત વણ–વહેચાલ

આવેલ હોય સદર મીલકત કે તેના કોઈ એક ભાગનુ વેચાણ કે કોઈ રીતે ટ્રાન્સફર અન્ય સહમાલીકોની સમંતિ વિના થઈ શકે નહી. તેમ છતા સદર કામના પ્રતિવાદી નં–૧નાએ સદર જમીનો વણ વહેચાયેલી આવેલ હોવા છતા તેઓનો પોતાનો હીસ્સો મનસ્વી રીતે નકકી કરી કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધ ટુકડાધારાનો ભંગ કરીને સદર કામના પ્રતિવાદી નંબર–૧ નાએ પ્રતિવાદી નં–ર નાને મહે.વાલીયા ના સબ રજીસ્ટ્રાર સાહેબ સમક્ષ રજી.વેચાણ દસ્તાવેજ નંબર–૧૪/૨૦૨૩ થી તા ૧૦/૦૧/૨૦૨૩ ના રોજ સદર દાવાવાળી જમીન જેનુ કુલ ક્ષેત્રફળ ૦–૫૩–૫ર હે.આરે.ચો.મી. છે તે પૈકી ૦–૧૩–૩૮ હે.આરે.ચો.મી જમીનનો રજી વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જે દસ્તાવેજ ખોટો અને કાયદાની જોગવાઈ વિરૂધ્ધ ના છે કારણ કે સદર જમીન અવિભકિત હીદું સંયુકત કુટુબના સભ્યો દવારા સંયુકત રીતે કબજા ભોગવટામા ચાલી આવેલ છે અને તેની હજી હક કે માપણી અંગે સહ હીસ્સેદારો દવારા વિભાજન થયેલ નથી. જેથી સદર જમીન પૈકી જમીન વેચાણ લેનાર પ્રતિવાદી નં–ર નો સદર જમીનમા કોઈ કાયદેસરનો હકક કે હીસ્સો નથી.

વધુમા ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનુ એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ ૧૯૪૭ મા ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૪/૨૦૧૨ થી કરવામા આવેલ સુધારા મુજબ કરવાની થતી કાર્યવાહી અંગે સંચનાઓ આપવાના પરીપત્ર ક્રમાંક અકત–૧૦૮૭–૧૪૧૫ (ભાગ–૪) તા ૧૦/૦૬/૨૦૧૩ ના અંન–(૩) મા જણાવ્યા મુજબ હાલ મા પણ સદર કાયદાની કમલ–૮ અને ૮(કક) મુજબ પ્રમાણ ક્ષેત્રફળ કરતા ઓછા ક્ષેત્રફળના ટુકડા કરવા અંગેનો પ્રતિબંધ ચાલે રહે છે તેમજ મહેસુલી રેકર્ડ મા બાગાયતમા ફેરવવા અંગેની કોઈ નોધ થયેલ નથી. વધુમા સદર જમીનમા અમો વાદીઓાનો વણવહેચાયેલો કાયદેસરનો હકક હીસ્સો આવેલ છે અને ટુકડાધારા કાયદા હેઠળ સદર જમીન પૈકી પ્રતિવાદી નં–૧ નાએ પ્રતિવાદી નં–ર નાને ટુકડાનો દસ્તાવેજ કરી આપેલ હોવાની સદર જમીનનો ટુકડો પડતો પણ ભવિષ્યમા અમો વાદીઓ અમારા હીસ્સની જમીન નુ વેચાણ કરીએ છીએ કે બીજા કોઈ પણ પ્રકારના રેવન્યુ રેકર્ડમા ફેરફારો કરીએ તો ટુકડા ધારાનો બાધ નડતો હોય સદર બાકીની જમીનમા અમારા હીસ્સાના હકક હીતને નુકશાન થાય તેમ છે

અનેજેથી અમો વાદીઓને નાણાથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ મોટુ અસહય નુકશાન વેઠવાનો વારો આવી શકે તેમ છે તેમજ સદર બાબતે મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીગ્સમા ઉતરવુ પડે તેમ વે જેથી પણ સદર કામના પ્રતિવાદી ન્ન–૧ નાએ પ્રતિવાદી નંબર–ર નાને કરી આપેલ રજી વેચાણ દસ્તાવેજ નલ એન્ડ વોઈડ છે. વધુમા સદર કામના પ્રતિવાદી નં–૧ નાએ પ્રતિવાદી નંબર–ર નાને કરી આપેલ રજી વેચાણ દસ્તાવેજ બાબતે અમો વાદીઓની કોઈ પણ પ્રકારની સહી સંમતિ લીધેલ નથી તેમ છતા સદર કામના પ્રતિવાદી નં–૧ અને પ્રતિવાદી નં–ર નાએ એકબીજાના મેળાપીપણામા ગુનાહીત કાવતરુ રચી અમો વાદીઓ પાસેથી સદર જમીનનો કબજો ગેરકયદેસર રીતે છીનવી લેવાના બદઈરાદા પુર્વેક રજી.વેચાણ દસ્તાવેજ કરી અમો વાદીઓ સાથે ગુનાહીત વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલાનુ સ્પષ્ટ ફલીત થાય છે. સદર કામના પ્રતિવાદી નં–૧ નાએ પ્રતિવાદી નં–ર નાને કરી આપેલ રજી વેચાણ દસ્તાવેજ ના આધારે પ્રતિવાદી નં–ર નાએ તેએનુ નામ સદર જમીનના રેવન્યુ રેકર્ડ મા વેચાણ આધાારે દાખલ કરાવવા માટે મામલતદાર સાહેબ, વાલીયાને તા ર૮/૦૭/ર૦ર૩ ના રોજ અરજી કરતા, મહે. મામલતદાર સાહેબ, વાલીયાએ સદર વેચાણ અંગેની કાચી નોધ ગામ નમુના નંબર–૬ હકક પત્રકમા ફેરફાર નોધ નંબર–૬ર૧૬ થી દાખલ કરેલ અને જે નોધ અંગેની અમો વાદીઓને જાણ થતા અમો વાદીઓએ સદર તમામ નોધ સામે મામલતદાર સાહબ, વાલીયા સમક્ષ વાંધા અરજી રજુ કરતા સદર તમામ નોધ બાબતે મહેરબારન નાયબ કલેકટર સાહેબ , જઘડીયા સમક્ષ તકરારી કેશ નં–પ૪/ર૦ર૩ થી કેશ ચાલેલ.

જે તકરારી કેસ નં–પ૪/ર૦ર૩ ના કામે રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓ અને ટુકડાધારાની જોગવાઈઓ આધીન મહે.નાયબ કલેકટર સાહેબ, ઝઘડીયાએ સદર રજી.વેચાણ દસ્તાવેજ ના આધારો કરવામા આવેલ ફેરફાર નોંધ નંબર–૬ર૧૬ તા ર૯/૦૯/ર૦ર૩ ના રોજ હુકમ કરી નામંજુર કરેલ અને સદર હુકમમા નાયબ કલેકટર સાહેબ, ઝઘડીયાએ તેઓના તારણમા સ્પષ્ટ જણાવેલ છે કે,**"સદર જમીન જરાયત પ્રકારની હોય સરકારશ્રી ના મહેસુલ વિઘાગ ના ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનુ એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ–૧૯૪૭ મા**

**ગુજરાત અધિનિયમ ક્રમાંક–૧૪/૨૦૧૨ થી કરવામા આવેલ સુધારા અન્વયે થતી કાર્યવાહી અંગેના સુચનો પરિપત્ર ક્રમાંક અકત/૧૦૮૭/૧૪૧૫/જ (ભાગ–૪) તા ૧૦/૦૬/૨૦૧૩ ના પેરા–૭ ની સ્પષ્ટ સુચના આપેલ છે કે, પ્રમાણ ક્ષેત્રફળ કરતા ઓછા ક્ષેત્રફળનો ટુકડો કોઈ રીતે પાડી શકતો નથી કે પાડવાની મંજુરી આપવાની રહેતી નથી.**

જેથી સદર કામના પ્રતિવાદી નં–૧ નાએ પ્રતિવાદી નં–૨ ના કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધ નો હોય પ્રતિવાદીઓની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા તથા બન્ને પક્ષકારોના વિ.વકીલ શ્રી ની દલીલો ધ્યાને લીધી, તથા દાવા અરજી અને તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લીધા.સૌ પ્રથમ એ બાબત નોંધવી જરૂરી છે કે સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ (એ) થી (ડી) ની અરજી નિર્ણીત કરતી વખતે ફકત દાવા અરજીના આક્ષેપ તથા તેના સમર્થેમના રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લઈ શકાય.પ્રતિવાદી નો બચાવ હાલના તબકકે ધ્યાને લઈ શકાય નહી. વાદી દવારા સ્પેશીફીક રીલીફ એકટ ની કલમ–૩૧,૩૪,૩૮ મુજબ રજી વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે સદર દાવો કરેલ છે. વાદીના દાવામા ઉપરોત મુજબની હકીકતો જણાવેલ છે, વાદી દવારા તેઓના દાવાના સમર્થન મા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા વાદી દવારા નિ–૩/૧ થી ગામ નમુના નંબર–૭ રજુ કરેલ છે જેમા વાદી ઓ તથા પ્રતિવાદી નં–૧ નો નામ કબજેદાર ના કોલમમા જણાઈ આવે છે.નિ–૩/૨ થી દાવાવાળી જમીન ના ગામ નમુના નંબર–૮(અ) જમીનની ખાતાવહી રજુ કરેલ છે જેમા કબજેદાર ના કોલમમા વાદીઓ તથા પ્રતિવાદી નં–૧ નો નામ જણાવેલ છે.નિ–૩/૩ થી ગામ નમુના નંબર–૬ (હકકપત્રક) રજુ થયેલ છે જે નોધ નંબર–૨૬૬૮ છે જે વારસાઈ ની નોધ છે. નિ–૩/૪ થી નોધ નંબર–૩૨૪૧ રજુ થયેલ છે, નિ–૩/૫ થી નોધ નંબર–૪૫૩૦ જે વારસાઈ ની નોધ છે. નિ–૩/૬ થી નોધ નંબર–૫૮૮૦ જે વારસાઈ ની નોધ છે. નિ–૩/૭ થી નોધ નંબર–૬૨૫૮ જે વારસાઈ ની નોધ છે, નિ–૩/૮ થી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રજુ થયેલ છે.નિ–૩/૯ થી અનુક્રમણિકા–૨ રજુ થયેલ છે.નિ–૩/૧૦ થી ગામ નમુના નંબર–૬

રજુ થયેલ છે જેમા નોંધ નંબર–૬૨૧૬ રજુ થયેલ છે.જે નોધ ને નામદાર કલેકટર શ્રી નાઓએ અપીલ નંબર–૫૪/૨૦૨૩ ના હુકમ થી નામંજુર કરેલ છે.જે વેચાણ દસ્તાવેજ અંગેની નોધ છે.નિ–૩/૧૧ થી વાદીએ નાયબ કલેકટર શ્રી મા કરેલ ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના નિયમ–૧૦૮(૧) હેઠળ કરેલ અરજી છે.નિ–૩/૧૨ થી પરીપત્ર રજુ થયેલ છે.વાદી ની દાવા અરજી મુજર વાદી એ સદર દાવો હાલના પ્રતિવાદી વિરૂધ્ધ કરેલ છે અને હાલના પ્રતિવદી નંબર–૧ નાઓએ પ્રતિવાદી નં–૨ નાઓને દાવાવાળી વણ વહેચાયેલી જમીનમાથી પોતાના હીસ્સાની જમીન વેચાણ કરી આપેલ છે અને રજીસ્ટર દસ્તાવેજ કરી આપેલ છે,પરંતુ વાદી ના મત મુજબ સદર રજીસ્ટર દસ્તાવેજ ખોટો અને ગેરકાયદેસર નો છે કારણકે સદર વેચાણ ને ગણોતધારા મુજબ ટુકડાધારાનો બાધ નડતો હોય નામદાર નાયબ કલેકટર શ્રી નાઓએ પણ વેચાણ નોધ નામંજુર કરેલ છે આથી સદર રજીસ્ટર દસ્તાવેજ રદ કરવા માટે વાદી દવારા સદર દાવો કરવામા આવેલ છે. વાદી દવારા નિ–૩/૮ થી રજુ થયેલ દસ્તાવેજ ગત તા ૦૯/૦૧/૨૦૨૩ ના રોજ કરવામા આવેલ છે અને વાદી દવારા સદર દાવો તા ૦૩/૦૯/૨૦૨૫ ના રોજ કરવામા આવેલ છે. આમ સદર દાવો ૩ વર્ષની અંદર દાખલ કરવામા આવેલ છે.પ્રતિવાદી ના મત મુજબ વાદીને દાવો કરવાનો કોઈ કારણ ઉપસ્થિત થતો નથી વાદી દવારા માત્ર ને માત્ર હેરાન પરેશાન કરવાના ઈરાદે સદર દાવો કરવામા આવેલ છે. પરંતુ નામદાર કોર્ટે દવારા વાદી ની દાવા અરજી તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધેલ છે, વાદી ના મત મુજબ પ્રતિવાદી નં–૧ નાઓએ પ્રતિવાદી નં–૨ નાઓને કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ ને ટુકડા ધારાની કલમનો બાધ નડતો હોય પ્રતિવાદી નં–૧ નાઓએ કરી આપેલ દસ્તાવેજ ખોટો છે અને સદર દસ્તાવેજનો કાયદાની જોગવાઈઓનો પણ બાધ નડે છે. આમ પ્રતિવાદી નં–૧ નાઓએ પ્રતિવાદી નં–૨ ને તેઓના હીસ્સાનો કરી આપેલ દસ્તાવેજ ને ટુકડા ધારાનો બાધ નડે છે કે કેમ ? અને સદર દસ્તાવેજ ખોટો છે કે કેમ ? તે એક પુરાવો વિષય છે, પુરાવો લીધા સિવાય તે હાલ તે નકકી કરી શકાય નહી. આથી ન્યાય ના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

:: હુકમ ::

૧. પ્રતિવાદી ની આંક–૧૫ અને ૧૬ ની અરજીઓ નામંજુર કરવામા આવે છે.

૨. ખચૅ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

**હુકમ આજ રોજ તા ૩૦ મી માહે, સને માચૅ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો**

**તા ૩૦/૦૩/૨૦૨૬**
**વાલીયા**

**(એ.એમ.સોની)**
**પ્રિન્સીપાલ સિવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ.**
**વાલીયા**